## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ... અમિતભાઈએ અમારા માટે કહ્યું છે કે પકોડા વેચવા શરમ નથી પરંતુ તમારા માટે શરમ છે... તમને ડાયાબીટીસ છે...!!

# સિનેમેકસમાં તોડફોડ કરી આગ લગાડનાર સાત ઝડપાયા

## અગાઉ મેનેજરે વ્યવસ્થિત જવાબ આપ્યો ન હોવાની દાઝ રાખીને બદલો લેવા કૃત્ય આચર્યુ હતું : રામકથા મેદાનમાં મીટીંગ ગોઠવીને સાતેય શખ્સો તોડફોડ કરવા પહોંચી ગયા હતા

ગાંધીનગર, તા.૫

શહેરના સે-૧૧ સ્થિત સિનેમેકસ થિયેટરમાં તાજેતરમાં સાત શખ્સોએ મળીને ધોકા અને પાઈપોથી તોડફોડ કરી આગચંપી કરી હતી. આ ઘટના મામલે સે-૭ પોલિસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી હતી. દરમિયાન આજે ગાંધીનગર એસઓજીની ટીમે સાતેય શખ્સોને દબોચી લીધા છે. સિને મેકસમાં તોડફોડ કરી આગચંપી કરનાર સાતેયની ધરપકડ કરી લઈ પુછપરછ શરુ કરતા બહાર આવ્યું કે અગાઉ થિયેટર મેનેજરે વ્યવસ્થિત જવાબ આપ્યો ન હોવાથી દાઝ રાખીને બદલો લેવા આ કૃત્ય આચર્યું હતું.

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમે સે-૧૧ સ્થિત સિનેમેકસ થિયેટરમાં થયેલી તોડફોડ અને આગચંપીની ઘટના મામલે તપાસ શરુ કરી હતી. સીસીટીવી ફુટેજ મેળવીને શરુ કરેલી તપાસ દરમિયાન કોન્સ્ટેબલ પ્રદિપસિંહે બાતમી મેળવી તોડફોડ કરી આગ લગાડનાર સાતેય શખ્સોને પકડી પાડયા છે. માણસા રહેતા કીરપાલસિંહ બલરામસિંહ ચાવડા, ગોઝારીયા રહેતા વિષ્ણુજી દલપતજી પરમાર, રવિન્દ્રસિંહ શૈલેશસિંહ ખેર, માણસા રહેતા અજયસિંહ વિજયસિંહ ચાવડા, હર્ષદસિંહ ભીખાજી ચાવડા અને પ્રવિણસિંહ જશવંતસિંહ ચાવડા મળીને સાતેય શખ્સોને ધરપકડ કરી પુછતાછ શરુ કરી છે. પદમાવત ફિલ્મ આ થિયેટરમાં રિલીઝ ન થયું હોવા છતાં આ કૃત્ય કરવા પાછળનું કારણ પુછતા બહાર આવ્યું છે કે સાત પૈકી એક આરોપી કિરપાલસિંહે અગાઉ આ થિયેટરના મેનેજરને ફોન કરી ફિલ્મ ન ચલાવવા વાત કરી હતી ત્યારે મેનેજરે ઉધ્ધતાઈપૂર્વક વાત કરી હોવાથી તે દાઝ કાઢવા બદલો લેવા આ કૃત્ય આચરવામાં આવ્યું હતું. સાતેય શખ્સોએ પહેલા સે-૧૧ રામકથા મેદાનમાં મીટીંગ કરી હતી. ત્યારબાદ તોડફોડ અને આગચંપી કરવા થિયેટર પાસે ગયા હતા. એસઓજીની ટીમે સાતેયની ધરપકડ કરી લઈને સે-૭ પોલિસને સોંપી દીધા છે. આ ગુનામાં અન્ય કોઈ શખ્સોની સંડોવણી કે દોરવણી હતી કે કેમ? તે સહિતની વધુ પુછપરછ શરુ કરવામાં આવી છે.



# ‘પેડ મેન’નો પ્રિવ્યૂ નિહાળતા મુખ્યમંત્રી

## સામાજીક જાગૃતિની થીમ આધારિત ફિલ્મ માટે પદ્મશ્રી અક્ષયકુમાર-આર. બાલ્કીને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મહિલાઓના સ્વાસ્થ્યની ચિંતા કરીને બહેનો-માતાઓની તંદુરસ્તીના વિષયવસ્તુ સાથેની ફિલ્મ ‘પેડ મેન’નો પ્રિવ્યૂ સુપ્રસિધ્ધ અભિનેતા પદ્મશ્રી અક્ષયકુમાર સાથે




અમદાવાદમાં નિહાળ્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, સેનેટરી પેડના ઉપયોગથી માતા-બહેનોની તંદુરસ્તી જળવાય તો રાષ્ટ્ર-રાજ્યની પણ તંદુરસ્તી સ્વાસ્થ્ય જળવાય તેવા સામાજીક જાગૃતિના વિષયને લઈને રિલીઝ થઇ રહેલી આ ફિલ્મ મહિલા સશકિતકરણની આગવી મિશાલ બનશે.

મુખ્યમંત્રીએ ગુજરાતે તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં મહિલા સ્વાસ્થ્ય-બાળ આરોગ્ય કલ્યાણ ક્ષેત્રે અલાયદો વિભાગ શરૂ કરવાની કરેલી પહેલની ભુમિકા આપતાં કહ્યું કે, ગુજરાતમાં ૧૦૦ ટકા માતા-બહેનો-દિકરીઓ સેનેટરી પેડનો ઉપયોગ કરે તે માટે સરકાર-સમાજ અને સેવાભાવી સંગઠનો સાથે મળીને અવશ્ય પ્રયત્ન કરશે.

# ગાંધીનગર એક્રિડેટેડ પ્રેસ કલબના હોદ્દેદારો



ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે તા.૨૦/૦૧/૧૮ના રોજ ગાંધીનગર એક્રિડેટેડ પ્રેસ કલબની બેઠક મળી હતી. આજની બેઠકમાં પ્રમુખ તરીકે ઝાલા અનુભા એન. અને ખજાનચી તરીકે અશ્વિનભાઈ વ્યાસની સવાનુમતે વરણી કરવામાં આવેલ છે. ઉપરાંત આજની બેઠકમાં આગામી દિવસોમાં પત્રકારો દ્વારા કઈ કામગીરી કરવી તેની ચર્ચા-પરામર્શ કરવામાં આવી હતી. ઉપરાંત આજની બેઠકમાં સભ્યો-હોદ્દેદારો નિમવાની સત્તા પ્રમુખને સોંપવામાં આવેલ છે. જેમાં પ્રમુખ તરીકે ઝાલા અનુભા એન., ઉપપ્રમુખ તરીકે પંકજભાઈ આહિર, કારોબારી અધ્યક્ષ જતિનભાઈ શુકલ, મહામંત્રી તરીકે રાજુભાઈ લીંબાચીયા અને ખજાનચી તરીકે અશ્વિનભાઈ વ્યાસની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# અઢળક લગ્ન સમારંભોના પગલે ટ્રાફિક જામના દશ્યો

## સરકારી કાર્યાલયો અને શાળાઓમાં હાજરી પર અસર વર્તાઈ : સાંજના સમયે રિસેપ્શનોની ભરમાર

ગાંધીનગર, તા. ૫

સોમવારે ગાંધીનગર આખુ જાણે લગ્ન સમારંભોમાં વ્યસ્ત હોય તેવી પરિસ્થિતિ જોવા મળી હતી. અઢળક લગ્નસમારંભોના આયોજનને પગલે કંકોત્રીઓ આવી હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. લગ્નોની ભરમારને કારણે શહેરમાં સરકારી ઓફિસોમાં કર્મચારીઓની હાજરી ઓછી રહેવા પામી હતી તેમજ શાળાઓમાં પણ વિદ્યાર્થીઓની સંખ્યામાં



પાટનગરના સરકારી કાર્યાલયોમાં કર્મચારીઓથી માંડીને શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પર પણ અસર વર્તાઈ હતી. આ ઉપરાંત શહેરમાં તથા શહેરને જોડતા માર્ગો પર વારંવાર ટ્રાફિકના દશ્યો સર્જાયા હતા. ખાસ કરીને સાંજના સમયે ઘ-૦ સર્કલ, સરગાસણ ચાર રસ્તા, શાહપુર ચોકડી, ભાટ સર્કલ વગેરે સ્થળે ભયંકર ટ્રાફિકજામ સર્જાયો હતો.

શહેરમાં આજે લગ્નસરાની મૌસમ પૂરબહારમાં ખિલી ઉઠી હતી અને ચોતરફ શરણાઈના સૂર ગુંજતા સંભળાયા હતા. એક પરિવારના ઘરે ચારથી પાંચ ઘટાડો જોવાયો હતો. લગ્નસમારંભોના કારણે શહેરના ટ્રાફિકમાં ભારે હલચલ જોવા મળી હતી. દિવસભર ભારે ટ્રાફિક સાથે સાંજના સમયે રિસેપ્શનોના આયોજનને પગલે રીંગ રોડ તથા શહેરનો જોડતા અન્ય માર્ગો પર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. શહેરની આસપાસના મુખ્ય સર્કલો પર વાહનોની લાંબી કતારો સર્જાઈ હતી અને કેટલેક ઠેકાણે તું તું મૈં મૈં સાથેની માથાકૂટના દશ્યો પણ જોવા મળ્યા હતા. એક સાથે અઢળગ સ્થળે લગ્નોના આયોજનોને પગલે શહેરીજનો દિવસભર વ્યસ્ત રહેવા પામ્યા હતા.



બસો બ્યાંસી નવપરગણા ગુરૂ-બ્રાહ્મણ સમાજ સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા ૧૬માં સમુહ લગ્નોત્સવનું આયોજન સેકટર-૬ ડી ના મેદાન ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા છે. આ લગ્ન સમારોહમાં સમાજના આગેવાનો, સંતગણ, રાજકીય-સામાજીક અગ્રણીઓ, સંસ્થાના હોદેદારો, સહિત સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ચાંદલોડીયામાં એક વર્ષ પૂર્વે પ્રેમલગ્ન કરનારી યુવતીનું રહસ્યમય મોત

અમદાવાદ,તા. ૫

આશરે એકાદ વર્ષ પહેલાં પ્રેમલગ્ન કરનારી યુવતીની લાશ આજે રહસ્યમય સંજોગોમાં શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં ગોકુલધામ રેસીડેન્સી ખાતેથી મળતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી, ખાસ કરીને આ કેસમાં રહસ્યના અનેક તાણાવાણાં સર્જાયા છે કારણ કે, એક તો યુવતી ચાંદલોડિયા વિસ્તારના શિવકેદાર એપાર્ટમેન્ટમાં રહે છે અને તેની લાશ મળી ગોકુલધામ રેસીડેન્સી ખાતેથી. બીજુ કે, તેની લાશ પાસેથી પોલીસને એક સ્યુસાઇડ નોટ મળી આવી છે પરંતુ તેના પરિવારજનો કહે છે કે, સ્યુસાઇડ નોટના અક્ષરો તેમની પુત્રી અમી સોલંકીના નથી. તેથી પોલીસ પણ હવે મૂંઝવણમાં મૂકાઈ છે. પોલીસે મૃતક અમી સોલંકીની લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી સમગ્ર પ્રકરણમાં મોતનું સાચુ કારણ શોધવાના અને હત્યાનો સમગ્ર ઘટનાક્રમ તપાસવાના ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં સિલ્વર સ્ટાર ફ્લેટ પાસે આવેલી ગોકુલધામ રેસીડેન્સીમાંથી યુવતીની લાશ મળી આવી હતી, જો કે, સ્થાનિક રહીશોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ તેને સોલા સિવિલ હોસ્પિટલ ખસેડી હતી પરંતુ ત્યાં ફરજ પરના ડોકટરોએ તેણીને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતાં સોલા પોલીસ પણ સ્ટાફ સાથે ત્યાં દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. જેમાં મરનાર યુવતીનું નામ અમીબહેન અશોકભાઈ સોલંકી(ઉ.વ.૨૯) હોવાનું જાણવા મળ્યું હતું. અમીબહેને એક વર્ષ અગાઉ જ અશોકભાઈ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. તેમછતાં એક વર્ષના પ્રેમલગ્ન દરમ્યાન જ અમીબહેનનું કયા સંજોગોમાં મોત થયું તે હવે પોલીસ માટે સૌથી મોટી તપાસનો વિષય બન્યો છે. સ્થાનિકોમાં યુવતીએ ધાબા પરથી પડતુ મૂકયું હોવાની ચર્ચાએ જોર પકડયું હતું પરંતુ તે ઘટના કોઈએ નજરે જોઈ ન હતી કે તેના નીચે પડવાનો અવાજ પણ કોઈએ સાંભળ્યો ન હતો. બીજીબાજુ, અમીબહેનની લાશ પાસેથી સ્યુસાઇડ નોટ પોલીસને મળી આવી હતી, જેમાં તેણીએ જીવનથી કંટાળીને આપઘાત કરી રહી હોવાનું જણાવ્યું હતું. પોલીસે સ્યુસાઇડ નોટ કબ્જે કરી તપાસ હાથ ધરી છે પરંતુ યુવતીના પરિવારજનોએ સાફ શબ્દોમાં આક્ષેપ કર્યો હતો કે, અમીની હત્યા કરવામાં આવી છે, તે આત્મહત્યા કરી ના શકે. સ્યુસાઇડ નોટમાં જે અક્ષરો છે, તે અમીના નથી. જે સ્થળ પરથી અમીબહેનની લાશ મળી ત્યાં ઢસડાયા હોવાના નિશાન મળ્યા છે, તેથી તેની લાશને ત્યાં લાવવામાં આવી હોય તેવું બની શકે તેથી પોલીસે તે દિશામાં પણ તપાસનો દોર ચલાવ્યો છે. રહસ્યના અનેક તાણાવાણાં સર્જતા આ બનાવમાં પોલીસ પણ આ હત્યા છે કે આત્મહત્યા તે મુદ્દે મૂંઝવણમાં મૂકાઈ છે. સોલા પોલીસે હાલ તો આ કેસમાં અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતની સાબરમતી નદી સૌથી વધુ પ્રદૂષિત

અમદાવાદ, તા.૫

અમદાવાદની સાબરમતી નદીની વાત આવે ત્યારે ઉડીને આંખે વળગે એવા રિવરફ્રન્ટથી આ નદી દેશ દુનિયામાં પ્રખ્યાત બની છે. જોકે, તાજેતરમાં કેન્દ્ર સરકારના રિપોર્ટમાં સાબરમતી નદી વિશે ચોંકાવનારો ખુલાશો થયો છે. જેને જાણેને તમને પણ આંચકો લાગશે. રિપોર્ટ પ્રમાણે ગુજરાત રાજ્યમાં આવેલી નદીઓમાં સૌથી વધારે પ્રદૂષિત નદીમાં સૌથી વધુ પ્રદૂષિત છે.

મળતી માહિતી પ્રમાણે કેન્દ્ર સરકારે પ્રદૂષિત નદીઓ અંગે રિપોર્ટ બહાર પાડ્યો છે. જેમાં ગુજરાતમાં સાબરમતી નદી સૌથી વધારે પ્રદૂષત ગણવામાં આવી છે. આ ઉપરાંત પ્રદૂષિત ૨૦ નદીઓ સાથે ગુજરાત રાજ્યમાં દેશમાં ચોથા ક્રમે પહોંચ્યું છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા નદીઓના પ્રદૂષણને ઘટાડવા માટે રૂ.૨૦૦ કરોડ ફાળવ્યા છે. ચાર વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૨૦૦ કરોડ વાપર્યા છતાં પરિણામ શૂન્ય હોય એવું લાગી રહ્યું છે.

પ્રદૂષણના પાપીઓના કારણે અમદાવાદની શાન ગણાતી સાબરમતી નદીની પ્રદૂષણથી કફોડી હાલત થઈ ગઈ છે. ગટરનું ગંદુ પાણી, ફેક્ટરીઓ અને મીલોનું કેમિકલ યુક્ત પાણી સાબરમતી નદીમાં ઠલવાય છે જેના કારણે સાબરમતી નદી સૌથી પ્રદૂષિત નદીની યાદીમાં આવી ગઈ છે.

# રાજકોટમાં મુખ્યમંત્રી આવાસ યોજનામાં ૨૦ હજાર લિટરની ટાંકી ફાટી

રાજકોટ, તા.૫

શહેરના રેલનગર પાછળ આવેલા મુખ્યમંત્રી આવાસ યોજના ક્વાટર્સની અગાશી પર મુકવામાં આવેલી ૨૦ હજાર લિટરની પાણીની ટાંકી ધડાકાભેર ફાટતાં ક્વાટર્સમાં રહેતા લોકો ફફડાટ સાથે બહાર દોડી આવ્યા હતા. ચાર મહિના પૂર્વે પણ બાજુની વિંગમાં આવી જ ઘટના બની હતી, છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી નહીં થતાં લોકોમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. જેમાં મેયરે તપાસના આદેશ આપ્યા છે.

રેલનગર પાછળ મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત આવેલી છત્રપતિ શિવાજી ટાઉનશીપની એ-વિંગના આઠમાં માળે અગાશી પર રાખવામાં આવેલી ૨૦ હજાર લિટરની પાણીની ટાંકી રાત્રે ૧૨.૧૫ વાગ્યે અચાનક ધડાકાભેર ફાટી હતી. ટાંકી ફાટતાં તેમાંથી પાણી ફોર્સ સાથે બહાર આવ્યું હતું અને અગાશીની દિવાલ પાણીના ધસમસમતા પ્રવાહને કારણે તૂટી હતી. દિવાલનો કાટમાળ આઠમાં માળેથી નીચે આવતાં નીચે પાર્ક કરાયેલી ત્રણ રિક્ષામાં નૂકશાન થયું હતુ. રાત્રે કેટલાક લોકો બગીચામાં બેઠા હતા, જોકે સદનસીબે કાટમાળ તેમના પર પડ્યો નહોતો.

ક્વાટર્સમાં રહેતા લોકોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, ચાર મહિના પૂર્વે ઈ વિંગમાં ૨૦ હજાર લિટરની પાણીની ટાંકી ફાટી હતી. ત્યારે મેયર સહિતના આગેવાનો સ્થળ પર આવ્યા હતા અને આ સમસ્યાના નિકાલરૂપે સિમેન્ટના ટાંકા બનાવી દેવાની ખાત્રી આપી હતી, જોકે વચનો આપ્યા બાદ આગેવાનો જતા રહ્યા હતા અને તેમના વચનો પોકળ સાબીત થયા હતા. ફરીથી આવી ઘટના બનતા આવાસના લોકોની હાલત કફોડી બની છે.



**ચંદ્રાલા ખાતે કડવા પાટીદાર સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાયો**

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા સ્થિત ઉમા સંસ્કારતીર્થ ખાતે બેંતાલીસ-ચોર્યાશી કડવા પાટીદાર સમાજ દ્વારા સોમવારે ૨૭મા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સમૂહલગ્નમાં પાટીદાર સમાજના ૩૬ નવદંપતિઓએ શાસ્ત્રોકત લગ્નવિધિ પ્રમાણે પ્રભુતામાં પગલા પાડયા હતા. આ પ્રસંગે સમૂહ લગ્ન સમિતિ, નવદંપતિઓના માતા-પિતા, સમાજના અગ્રણીઓ, મહાનુભાવો તથા જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી શુભેચ્છા અને આશીર્વાદ આપ્યા હતા. આ ઉપરાંત સમૂહલગ્નમાં નવદંપતિઓને જ્ઞાતિજનો દ્વારા સમૂહલગ્ન સમિતિને રોકડરૂપે તથા વસ્તુના રૂપમાં કન્યાદાન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સામાજિક ક્રાંતિ, સામાજિક ભાવનાત્મક એકતા, સમાજની આર્થિક ઉન્નતિ તથા વ્યવહારોમાં એકરૂપતાની ફલશ્રુતિરૂપે યોજાયેલા સમૂહલગ્નમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# બે વર્ષમાં અમદાવાદ ડાકોર વચ્ચે ફોર લેન ‘ભક્તિપથ’ તૈયાર થશે

અમદાવાદ ડાકોર વચ્ચે ૮૦ કિલોમીટરનો ફોરલેન રસ્તો ભક્તિપથ આગામી બે વર્ષમાં તૈયાર થઈ જશે. તેમજ પદયાત્રીઓ માટેની સુવિધા માટે જ્યાં માર્ગ ચાલવા માટે યોગ્ય ન હોય ત્યાં સમારકામ કરાવવા, ભંડારાના સેવા કેન્દ્રો માટે વીજળી મળી રહે અને મહુધાથી ડાકોર સુધીના વિસ્તારોમાં વધુ ભંડારા બને તે માટેના પ્રયત્નો કરાશે. ભંડારામાં પાણી તેમજ અન્ય વ્યવસ્થા મળી રહે તે માટે દર ૧૫ કિલોમીટરના અંતરે કુલ ૪ ઝોન પાડી દેવામાં આવ્યા છે. જેથી પીવાનું પાણી ટેક્કર, સફાઈના માણસો અને મેડિકલ સહાયની વસ્તુઓ ઝડપથી મળી રહે. અમદાવાદથી ડાકોર ૨૨ ફેબ્રુઆરીથી ભાવિક ભક્તો પગપાળા ચાલવાનું શરૂ કરશે.

**સરદાર સરોવર નર્મદા નિગમ લિ.**
(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)

**જાહેર નિવિદા ક્રમાંક.૨ સને ૨૦૧૭-૨૦૧૮**
**ઝેરોક્ષ, બુક બાઈન્ડીંગ તથા નકશાને લગતી કામગીરી કરી આપવા માટેના ભાવપત્રક**

અધિક્ષક ઈજનેરશ્રી નર્મદા યોજના આલેખન વર્તુળ, બ્લોક નં.૧૨/૪, નવા સચિવાલય, ગાંધીનગરની કચેરી હસ્તક એક વર્ષ માટે ‘ઝેરોક્ષ, બુક બાઈન્ડીંગ તથા નકશાને લગતી કામગીરી’ કરવાના ભાવો ટેન્ડરથી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફી રૂ. ૬૦૦/- (અંકે રૂપિયા છસો પૂરા) જમા કરાયેથી ઉપરોક્ત કામગીરી માટેના કોરા ટેન્ડર ફોર્મ ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૧૯/૨/૨૦૧૮ સમ. ૧૮:૦૦ કલાક સુધી રાખેલ છે અને ભરેલ ટેન્ડર ફોર્મ રજી પો.એ.ડી./ સ્પીડ પોસ્ટ દ્વારા છેલ્લી તા. ૨૬/૨/૨૦૧૮ સમય ૧૮:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.

**માહિતી/૨૬૫૦/૧૭-૧૮**